
## ડાયરેક્ટ ❤ સે

અંધારું
જ્યાં આપણું હોય
ત્યાં
પારકાંનું અજવાળું
કામ ન આવે

## જન્મદિને વધામણી



રમીલાબેન કાંતિભાઈ પરમાર
ઉપાધ્યક્ષ, ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચો
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧



રિતિકા મેણાત




ચાર્વી અનિલ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# યુવાઓ દ્વારા વડીલો માટે સ્નેહયાત્રા







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કૉલેજની સર્વ નેતૃત્ત્વ ટીમના સભ્યો દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમ, મગોડીનાં ૪૦ વડીલોને અંબાજી મંદિરનાં દર્શન માટે લઈ જવામાં આવ્યાં હતાં. પોતાના માતા-પિતા કે દાદા-દાદીને સંભાળીને યાત્રા માટે લઈ જતા હોય એટલી કાળજી ને પ્રેમથી ટીમના યુવા સભ્યોએ વડીલોને આ યાત્રા કરાવી હતી અને તેમના માટે ભોજનની પણ વ્યવસ્થા કરી હતી. વડીલો આ સ્નેહસભર યાત્રા માણીને ખુશખુશાલ ને ભાવવિભાર બની ગયા હતા. એમણે સૌ સભ્યોને આ ઉમદા કાર્ય માટે અભિનંદન પાઠવ્યા હતા. આ લાગણીકાર્યમાં તન્મય પટેલ, સુરજ મુંજાણી, અંજલી પટેલ, પ્રિયંકા પરમાર, અક્ષય, દેવેન્દ્રસિંહ ઝાલા, જય પટેલ, ઉમંગ બારોટ, તેજસ પટેલ અને ધર્મેન્દ્રસિંહ જાડેજા અને અક્ષય પટેલ જોડાયા હતા, જેમણે બદલામાં વડીલોનો સ્નેહ અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## બીકૉમ સહિતના પાંચ કોર્સ માટે આજથી ઑફલાઈન પ્રવેશ પ્રક્રિયા

### ૪ ઓગસ્ટ સુધીમાં વિદ્યાર્થીઓએ પોતાના મેરિટ પ્રમાણે જૂદા જુદા દિવસે ઉપસ્થિત થવાનું રહેશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોમર્સ સહિતના પાંચ કોર્સ માટે અત્યાર સુધી ઓનલાઈન પ્રમાણે બે રાઉન્ડ પુરા કરી દેવાયા છે. હવે ત્રીજા રાઉન્ડ ઓનલાઈન નહી પરંતુ ઓફલાઈન પ્રમાણે કરવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓને સંમતિ આપવાની સૂચના આપવામાં અવી હતી. જે પ્રમાણે કુલ ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પોતાની સંમતિ આપી હતી. જેના માટે હવે તા.૩૧મીથી તા.૪ ઓગસ્ટ સુધીમાં વિદ્યાર્થીઓએ પોતાના મેરિટ પ્રમાણે જૂદા જુદા દિવસે પ્રવેશ સમિતિ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે.

બી.કોમ, બીબીએ, બીસીએ સહિતના પાંચ કોર્સ માટે બે રાઉન્ડ પુરા થયા બાદ હજુ ૯૫૦૦થી વધારે બેઠકો ખાલી પડી છે. આ બેઠકો પર જે વિદ્યાર્થીઓ પ્રવેશ ઈચ્છતાં હોય તેમને ઓનલાઈન સંમતિ આપવાની સૂચના આપવામાં આવી હતી. અંદાજે ૫ હજારથી વધારે વિદ્યાર્થીઓ સંમતિ આપી દીધી છે. પ્રવેશ સમિતિ દ્વારા તા. ૩૧મીએ કુલ ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને જુદા જુદા સમયે પ્રવેશ સમિતિ સમક્ષ હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. બીજા દિવસે એટલે કે તા.૨જી ઓગસ્ટે પણ ૧ હજારથી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રૂબરૂમાં બોલાવવામા આવ્યા છે. જયારે તા.૩ જી એ ૧૪૦૦ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. તા.૪થી એ પણ ૧ હજારથી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ મોટ બોલાવવામાં આવશે. આમ, દિવસના ચારથી પાંચ સેશનમાં વિદ્યાર્થીઓને બોલાવીને રૂબરૂમાં પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. કયા દિવસે કયા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે આવવાનું રહેશે તેની વિગતો પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મુકી દેવામાં આવી છે.

## ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં વાલી ચિંતન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં શનિવારે વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૩થી ૮ની વિદ્યાર્થીનીઓના વાલીઓ પોતાના સંતાનના શૈક્ષણિક વિકાસમાં કેવી રીતે વિશેષ યોગદાન આપી શકે તથા સંસ્થાના કેટલાક અગત્યના નિયમોથી વાકેફ થાય તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીઓએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શિક્ષકો દ્વારા ઉપસ્થિત વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને વાલીઓ તરફથી મળેલા સૂચનો પણ ધ્યાનથી સાંભળવમાં આવ્યા હતા. આચાર્ય નીરૂબેન જે પટેલના માર્ગદર્શનમાં સુપરવાઈઝર ભગવતીબેન ઍસ પટેલ અને જયશ્રીબેન પટેલ દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેનું સંચાલન ચંદ્રકાન્તભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં ચાર ગામોનાં ૧૧૪ વૃધ્ધાઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભાટાઈ ગામ ખાતે ૮ વૃધ્ધોને પણ ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી ડાહ્યાભાઈ, વિસનભાઈ, જનાર્દનભાઈ, મિલિન્દભાઈ અને યોગેશભાઈ જોડાયા હતા.

### ડેઈલી કરંટ
દર્શન મારૂ
95862 87447

(૧) બિલ ગેટ્સને પાછળ રાખી હાલમાં વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ કોણ બન્યું છે ?
(એ) માર્ક ઝુકરબર્ગ (બી) જેફ બેજોસ
(સી) સુંદર પિંચાઈ (ડી) એલ્વી મસ્ક

(૨) કઈ સરકારી થિંક ટેંક દ્વારા ભારતમાં છ અત્યાધુનિક પરિવહન પ્રણાલીને મંજૂરી અપાઈ છે ?
(એ) ડીઆરડીઓ (બી) નિયમન આયોગ
(સી) યુજીસી (ડી) નીતિ આયોગ

(૩) વિશ્વના કયા દેશે તાજેતરમાં અંતર મહાદ્વિપિય બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું છે ?
(એ) ઉત્તર કોરિયા (બી) દક્ષિણ કોરિયા
(સી) જાપાન (ડી) અમેરિકા

(૪) તાજેતરમાં ઉત્તર કોરિયાએ બેલાસ્ટિક મિસાઈલનું પરિક્ષણ કર્યું છે, તેની મારક ક્ષમતા કેટલા કિલોમીટરની છે ?
(એ) ૮૦૦ (બી) ૯૦૦ (સી) ૧૦૦૦ (ડી) ૧૧૦૦

(૫) વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ કઈ તારીખે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૨૭ જુલાઈ (બી) ૨૯ જુલાઈ
(સી) ૩૦ જુલાઈ (ડી) ૨૬ જુલાઈ

(૬) મલેશિયામાં આયોજિત વુશુ ચૅમ્પિયનશીપમાં કયા ભારતીય ખેલાડીએ સુવર્ણપદક પ્રાપ્ત કર્યો છે ?
(એ) શશીકાંત ગુપ્તા (બી) શશીકાંત શર્મા
(સી) શશીકાંત મહંતો (ડી) શશીકાંત દાસ

(૭) ૨૦૧૭માં વુશુ ચૅમ્પિયનશીપમાં ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કરનાર શશીકાંત મહંતો કયા રાજ્યના ખેલાડી છે ?
(એ) બિહાર (બી) પશ્ચિમ બંગાળ
(સી) આસામ (ડી) ઝારખંડ

(૮) વિશ્વભરમાં હિપેટાઈટીસ દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૨૬ જુલાઈ (બી) ૨૭ જુલાઈ
(સી) ૨૮ જુલાઈ (ડી) ૨૯ જુલાઈ

(૯) સુંદર પિંચાઈને કઈ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે ?
(એ) અલ્ફાબેટ (બી) અલીબાબા
(સી) એમેઝોન (ડી) ફેસબૂક

(૧૦) તાજેતરમાં બોલીવૂડના કયા અભિનેતાનું નિધન થયું છે ?
(એ) ઈન્દ્રજિત કુમાર (બી) ઈન્દ્ર કુમાર
(સી) ઈન્દ્રનીલ કુમાર (ડી) ઈન્દ્રવિજય કુમાર

# વિવેક ઔર સાહસ સે સંપન્ન લોગોં સે ઈતિહાસ બનતા હૈ

## સંવેદના
### મારું પ્રિય પુસ્તક

એપીજે અબ્દુલકલામ લિખિત પુસ્તક 'ટર્નિંગ પૉઈન્ટ્સ' એ મારું પ્રિય પુસ્તક, જેમાં કલામજીએ પોતાના જીવનની વાતો આલેખી છે.


રાષ્ટ્રપતિ હોવા છતાં તેઓ દરેકને માનથી બોલાવતા, તેમનો સ્વભાવ ખૂબ મળતાવડો હતો અને ફુરસદના સમયમાં તેઓ સંતુર વગાડવાનો આનંદ પણ માણી લેતા એ જાણીને આનંદ થયો.


પુસ્તકમાં એમની મહત્ત્વપૂર્ણ તસવીરો પણ આપવામાં આવી છે.

પુસ્તકના ઘણા શબ્દો તો જાણે હૃદયમાં કંડારાઈ ગયા છે, જેમ કે -

- પ્રકૃતિ કો પ્યાર કરો, ઉસકે આશિષકા સમ્માન કરો. તભી તુમ દેવત્વ કો દેખ પાઓગે.
- સાહસ ભીડ સે હટકર સોચને કા, સાહસ આવિષ્કાર કા
  સાહસ અજાન રાસ્તોં પર ચલ પડને કા
  સાહસ સમસ્યા સે મૂઠભેડ કા ઔર સફલ હોને કા
  યહ સબ યુવાઓં કે ગુણ હૈ.
- મૈંને હમેશા યહી માના હૈ કિ કાયર લોગ કભી ઈતિહાસ નહીં બનાતે. ઈતિહાસ વિવેક ઔર સાહસ સે સંપન્ન લોગોં સે બનતા હૈ.
- ભારત કે પાસ દુનિયા કી સબ સે અચ્છી સશસ્ત્ર સેના હૈ. વફાદાર, સાહસિક ઔર અનુશાસિત.
- ગાંધીજી ને કહા થા કિ અસલી ભારત ગાંવોં મેં બસતા હૈ. માનવીયતા કી ઈસી જનસંપદા કે બલ પર ભારત વિશ્વ કો અપના સંપૂર્ણ યોગદાન દે સકતા હૈ.
- એક મનોરમ દશ્ય હૈ, જો મૈંને સૂડાન મેં દેખા. વહાં નીલ નદી કા નીલા પાની, સફેદ નીલ નદી કી સફેદ ધારા સે મિલ કર એક અલગ રંગ કી અલગ હી નદા કા રૂપ લેતા હૈ. યહ વૈસે હી હૈ જૈસે હમારે યહાં સંગમ હોતા હૈ. લોગોં સે મિલ કર હમ, વહી હોતે હુએ ભી બદલ જાતે હૈં.
- પ્રત્યેક વ્યક્તિ કા યહ મૂલભૂત અધિકાર હૈ કિ વહ અપની ધાર્મિક, સાંસ્કૃતિક ઔર ભાષા સંબંધી આસ્થા કે અનુસાર રહ સકે. હમ ઉસે ભંગ કરને કે લિયે કુછ નહીં કર સકતે.
- મૈં અપને આપ સે પૂછના ચાહુંગા કિ કિસ રૂપ મેં યાદ રખે જાને કી આપકી આકાંક્ષા હૈ ? આપ ઉસે લિખ લેં. યહ કોઈ ભી મહત્ત્વપૂર્ણ યોગદાન હો સકતા હૈ, ચાહે આવિષ્કાર, ચાહે સંકલ્પના, યા કોઈ બદલાવ જો આપ સમાજ કે લિયે લાના ચાહેં, જિસકે લયે દેશ આપકો યાદ કરેં.
- અચ્છે લોગોં સે મિલને કા અનુભવ અપને આપ મેં એક શિક્ષા હૈ. યહ મેરા સૌભાગ્ય રહા હૈ કિ જીવન કે વિભિન્ન ચરણોં મેં બહુત સે અચ્છે લોગોં સે મિલને કા મૌકા મિલતા રહા હૈ.

- અમિતા વાઘેલા
પેથાપુર




ઘરમાં રામાયણનો પાઠ નિત્ય થતો. પિતાજી વાંચતા એટલે જોવા અને સાંભળવા મળતું, આનંદ આવતો. રામાયણ એ મારું પ્રિય પુસ્તક છે.

૧૯૫૨-૫૩માં કડી સર્વ વિદ્યાલયમાં ધોરણ-૬માં અભ્યાસ કરતો ત્યારે વિશિષ્ટ વાચનના પિરિયડમાં 'કિશોર રામાયણ' ભણાવવામાં આવતું, જે મને ત્યારથી જ ઘણું ગમતું. આજે પણ આ પુસ્તક મારી પાસે ઘણી સારી હાલતમાં સચવાયેલું છે. પુસ્તક ૧૫૦ પાનાંનું છે. બાલકાંડમાં ચાર ભાઈઓ વિશ્વામિત્ર સાથે વનમાં જાય છે તે ઉપરાંત ધનુષ ભાગ, વિચાર અને પરશુરામ સુધીની હકીકત છે. બીજા કાંડો છે, ઉત્તર કાંડ નથી.

આપણો અણમોલ વારસો પુસ્તકમાં લખ્યું છે કે વ્યાસ અને વાલ્મિકીએ ગ્રંથોમાં એવું તો કાંઈક જાદુ ભર્યું છે કે આ ગ્રંથો લખાયા પછી આજના દિને લોકો પ્રેમથી, ભાવથી વાંચે છે. ગ્રંથોના પાત્રોમાં આપણને આપણાપણું અનુભવાયું છે. પ્રજાની આશાઓ, ચિંતાઓ, કલ્પનાઓ, મહેચ્છાઓ, સ્ખલનો, આદર્શો - બધું ય વણી લીધું છે. આજેય વાંચીએ કે સાંભળીએ તો આપણને આનંદ આવે છે.

મને વિશ્વામિત્ર દ્વારા રામ-લક્ષ્મણને વનમાં લઈ જવાની વાત તે સમયે ગમતી ન હતી. ઋષિ રાજકુમારોને વનમાં લઈ જઈને દુખી કરશે તેમ લાગતું. પણ પછી તો રામ-લક્ષ્મણની શક્તિ, તાડકા વધ અને ધનુષ્ય ભંગ કરીને સીતાજી સાથે લગ્ન થયાં એ વાંચતા અતિ આનંદ થતો. વનમાં જવાથી જ રામને સીતા મળ્યાં. સીતા સાથે લગ્ન કરવાની તક મળી. એકને બદલે ચારેય ભાઈઓને પત્નીઓ મળી !રામાયણ આબાલવૃધ્ધ સૌને માર્ગદર્શન આપે છે. કિશોર રામાયણ નામની ગાગરમાં સાગર સમાયેલો છે. એકવાર વાંચવા જેવું પુસ્તક છે.

- શિવશંકર દવે
સેક્ટર-૮

આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં કુરુક્ષેત્રના રણમેદાનમાં પાંડવો અને કૌરવો વચ્ચે મહાયુદ્ધના પ્રારંભે અર્જુને યુદ્ધ માટે ઈનકાર કરેલો ને કૃષ્ણને સવાલ કરેલો, યુદ્ધે ચડી મારે મિત્રો તથા સગાવહાલાંને હણવાં ? ત્યારે કૃષ્ણે જવાબ આપ્યો હતો કે 'જ્યાં ધર્મ છે ત્યાં જય છે.' આ પ્રશ્ન અને જવાબ વચ્ચે આખી ગીતા રચાયેલી છે. ગીતા પાંચ હજાર વર્ષ પહેલાં રચાયેલી હોવા છતાં આજે પણ તે જીવનનાં તમામ ક્ષેત્રોમાં અગાઉ જેટલી જ ઉપયોગી છે. તેમાંથી પારસ્પરિક સંબંધોની અટપટી સમસ્યાઓ અને મુંઝવતા પ્રશ્નોના ઉકેલ મળી રહે છે.

હિન્દુ ધર્મનું વધુમાં વધુ સૌને માન્ય હોય તેવું અને સૌથી વધુ અધ્યયન થતું જો કોઈ પુસ્તક હોય તો તે ભગવદ્ગીતા છે. તેથી જ તે વૈશ્વિક યોગની જેમ વૈશ્વિક ગ્રંથ બની ગયું છે. અદાલતોમાં સોગંદપૂર્વક બયાન આપવા તે માન્ય છે. વરિષ્ટ નાગરિકોનાં સન્માન અને સ્વર્ગસ્થની પાછળ ભગવદ્ગીતા આપવામાં આવે છે, જે તેનું મહત્ત્વ દર્શાવે છે. આથી જ શ્રી જયદયાલ ગોયન્કાએ કહ્યું છે કે, હું એ નિર્ણય પર આવ્યો છું કે સંસારમાં શ્રીમદ્ ભગવદ્ગીતાની તોલે આવે એવો કલ્યાણને અર્થે કોઈપણ ઉપયોગી ગ્રંથ નથી. ગીતામાં જ્ઞાનયોગ, ધ્યાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વગેરે જેટલાં પણ સાધન જણાવવામાં આવ્યાં છે. એમાંથી કોઈ પણ સાધન પોતાની શ્રદ્ધા, ઋચિ અને યોગ્યતા અનુસાર કરવાથી મનુષ્યનું શીઘ્ર કલ્યાણ થઈ શકે છે.

ભગવદ્ગીતાનો દેશમાં અને વિદેશોમાં બહોળો પ્રસાર કરવામાં 'ઈસ્કોન'નો ફાળો મોટો છે. 'ભગવદ્ગીતા તેના મૂળ રૂપે' ગુજરાતી ભાષાની વીસ ઉપરાંત આવૃત્તિઓ દ્વારા લાખો નકલો તેણે પડતર કિંમતે ઉપલબ્ધ કરાવી છે. એ જ રીતે અન્ય ભારતીય ભાષાઓ ઉપરાંત અંગ્રેજી ભાષાની ૬૦ લાખ નકલોનું વેચાણ પણ કરવામાં આવ્યું છે. જર્મન, ફ્રેન્ચ, ઈટલી, ડચ, સ્વીડીશ, રશિયન, જાપાની અને ચીની જેવી દુનિયાની ૪૨ જેટલી ભાષાઓમાં તેનું ભાષાંતર કરી દુનિયાને વિશ્વફલક પર પહોંચાડી છે.

ગીતા એ વૈદિક શાસ્ત્રનું સૌથી વધુ જાણીતું પુસ્તક છે. પશ્ચિમનાં લોકોને તેનું ગજબનું આકર્ષણ છે. દરેકને તેમાં પોતાના પ્રશ્નોના ઉકેલ દેખાય છે.

- ભગવાનભાઈ કા ગોહેલ
સેક્ટર-૨૫